મતદારયાદી સંબંધિત કામગીરી માટે નિયુક્ત બુથ લેવલ અધિકારી(**BLO**), **BLO** સુપરવાઈઝર, મતદાર નોંધણી અધિકારી અને મદદનીશ મતદાર નોંધણી અધિકારીને ચૂકવવાના માનદ વેતન/મહેનતાણાના દર નિયત કરવા બાબત.

ગુજરાત સરકાર
સામાન્ય વહીવટ વિભાગ
ક્રમાંક: **GAD/ELR/e-file/1/2025/4583/CHH(Roll)**
મુખ્ય નિર્વાચન અધિકારીની કચેરી,
સચિવાલય, ગાંધીનગર.

**વંચાણે લીધા:**

(૧) સામાન્ય વહીવટ વિભાગનો તા.૦૫.૦૫.૨૦૧૬નો ઠરાવ ક્ર:ઇએલઆર-૧૨૧૬-૫૨૧-છ.
(૨) સામાન્ય વહીવટ વિભાગનો તા.૦૯.૦૮.૨૦૧૮નો ઠરાવ ક્ર:ઇએલઆર-૧૨૧૬-૫૨૧-છ.
(૩) ભારતના ચૂંટણી પંચ, નવી દિલ્હીનો તા.૨૪.૦૭.૨૦૨૫નો પત્ર ક્ર:23/BLO/2025-ERS.
(૪) ભારતના ચૂંટણી પંચ, નવી દિલ્હીનો તા.૦૨.૦૮.૨૦૨૫નો પત્ર ક્ર:23/ERO-AERO/HON/2025-ERS.

**આમુખ:-**

ભારતના ચૂંટણી પંચ, નવી દિલ્હીની સૂચના અનુસાર મતદાર નોંધણી નિયમો, ૧૯૬૦ હેઠળ નિયત તારીખની સ્થિતિએ મતદાર યાદીની સઘન/સંક્ષિપ્ત સુધારણાની કામગીરી હાથ ધરવામાં આવે છે. જેના માટે મતદાર નોંધણી અધિકારીઓ, મદદનીશ મતદાર નોંધણી અધિકારીઓ, બુથ લેવલ અધિકારી (BLO) તથા બી.એલ.ઓ. સુપરવાઇઝરની નિમણૂંક કરવામાં આવે છે.

મતદાર યાદીની સુધારણા કામગીરી માટે નિયુકત બુથ લેવલ અધિકારી (Booth Level Officers)ને ચૂકવવાના મહેનતાણાના દર વંચાણે લીધેલા ક્રમાંક (૧)ના ઠરાવથી તથા બી.એલ.ઓ. સુપરવાઇઝરને ચૂકવવાના મહેનતાણાના દર વંચાણે લીધેલા ક્રમાંક (૧) અને (૨)ના ઠરાવથી નક્કી કરવામાં આવેલા છે. ભારતના ચૂંટણી પંચ, નવી દિલ્હી દ્વારા વંચાણે લીધેલા ક્રમાંક (૩)ના પત્રથી આ દરમાં વધારો સૂચવવામાં આવેલ છે. સાથોસાથ, ભારતના ચૂંટણી પંચે વંચાણે લીધેલા ક્રમાંક (૪)ના પત્રથી મતદાર યાદીની સુધારણા કામગીરી માટે નિયુકત મતદાર નોંધણી અધિકારીઓ અને મદદનીશ મતદાર નોંધણી અધિકારીઓ માટે પણ વાર્ષિક માનદ વેતન નિયત કરેલ છે. આથી, ભારતના ચૂંટણી આયોગની અદ્યતન સૂચના ધ્યાને લઈને BLO તથા BLO સુપરવાઈઝરને ચૂકવવાના મહેનતાણાના દર બાબતના વંચાણે લીધેલા ક્રમાંક (૧) અને (૨)ના ઠરાવોને રદ કરીને, સુધારેલ દર બાબતે તથા મતદાર નોંધણી અધિકારી અને મદદનીશ મતદાર નોંધણી અધિકારીને ચૂકવવાના થતાં માનદ વેતન બાબતે નીચે મુજબ ઠરાવવામાં આવે છે.

**ઠરાવ :-**

૧) મતદાર યાદીની સુધારણા કામગીરી માટે નિયુકત મતદાર નોંધણી અધિકારીઓ, મદદનીશ મતદાર નોંધણી અધિકારીઓ, બુથ લેવલ અધિકારીઓ તથા બી.એલ.ઓ. સુપરવાઇઝરોને નીચે દર્શાવ્યા મુજબના દરોએ માનદ વેતન/મહેનતાણુ ચૂકવવાનું રહેશે.

| ક્રમ | વિગત | વાર્ષિક માનદ વેતન/મહેનતાણાની રકમ (રુપિયામાં) |
|---|---|---|
| ૧ | મતદાર નોંધણી અધિકારી (Electoral Registration Officer) | ૩૦,૦૦૦/- |
| ૨ | મદદનીશ મતદાર નોંધણી અધિકારી (Assistant Electoral Registration Officer) | ૨૫,૦૦૦/- |
| ૩ | BLO સુપરવાઇઝર | ૧૮,૦૦૦/- |
| ૪ | બુથ લેવલ અધિકારી (BLO) | ૧૨,૦૦૦/- |
| ૫ | SSR/SR કે અન્ય ખાસ ડ્રાઇવ માટે BLOને મળવાપાત્ર ખાસ ભથ્થું | ૨,૦૦૦/- |

૨) ઉપર મુજબ નિયત કરવામાં આવેલ વાર્ષિક માનદ વેતન/મહેનતાણા/ખાસ ભથ્થાંની ચુકવણી કરતી વખતે નીચે મુજબની શરતોનું અચૂકપણે કરવાનું રહેશે.

(૨.૧) આ ઠરાવનો અમલ તા.૦૧.૧૦.૨૦૨૫ થી કરવાનો રહેશે.

(૨.૨) ઉપરોક્ત અધિકારીશ્રીઓ/કર્મચારીશ્રીઓને વાર્ષિક માનદ વેતન/મહેનતાણા પેટે મળવાપાત્ર કુલ રકમ એક સરખા ચાર હપ્તામાં એટલે કે ત્રિમાસિક ધોરણે ચૂકવવાની રહેશે.

(૨.૩) ખાસ સઘન / સંક્ષિપ્ત સુધારણા કે અન્ય ખાસ ડ્રાઇવ દરમિયાન જે બુથ લેવલ અધિકારીઓએ કામગીરી કરેલ હશે, તેને જ ઉપરના પત્રકના ક્રમાંક-(૫) મુજબનું ખાસ ભથ્થું ચૂકવવાનું રહેશે. તે અંગેની ખરાઈ સંબંધિત મતદાર નોંધણી અધિકારી/ મદદનીશ મતદાર નોંધણી અધિકારીએ કરવાની રહેશે.

(૨.૪) બુથ લેવલ અધિકારીઓ તથા બી.એલ.ઓ. સુપરવાઇઝરો દ્વારા ભારતના ચૂંટણી પંચ, નવી દિલ્હીની તેમજ આ વિભાગ દ્વારા વખતો વખત આપવામાં આવેલી સૂચના અનુસાર કામગીરી કરવાની રહેશે. મદદનીશ મતદાર નોંધણી અધિકારી દ્વારા ઉક્ત અધિકારી/કર્મચારીશ્રીઓની કામગીરીની સમીક્ષા કરીને તેમના દ્વારા કરાયેલ કામગીરી ભારતના ચૂંટણી પંચની સૂચના- ધોરણો અનુસારની જણાય તો જ બુથ લેવલ અધિકારી/સુપરવાઇઝરને માનદ વેતનની ચૂકવણી ત્રિમાસિક ધોરણે કરવાની રહેશે.

(૨.૫) જે કિસ્સામાં બુથ લેવલ અધિકારી/સુપરવાઇઝરની કામગીરી ભારતના ચૂંટણી પંચ/ મુખ્ય નિર્વાચન અધિકારીની કચેરી દ્વારા વખતોવખત ઠરાવેલા ધોરણો સંતોષતી ન હોય, તેમ છતાં માનદ વેતનની/મહેનતાણાની રકમની ચૂકવણી કરવામાં આવશે તો, તે અંગેની જવાબદારી સંબંધિત મતદાર નોંધણી અધિકારી/ મદદનીશ મતદાર નોંધણી અધિકારીની રહેશે.

(૨.૬) તે જ પ્રમાણે મતદાર નોંધણી અધિકારી/ મદદનીશ મતદાર નોંધણીઓની કામગીરીની સમિક્ષા જિલ્લા ચૂંટણી અધિકારી અને કલેક્ટરશ્રી દ્વારા કરવામાં આવશે અને વાર્ષિક માનદ વેતનની/મહેનતાણાની ચૂકવણી ત્રિમાસિક ધોરણે કરવાની રહેશે.

(૨.૭) મતદાર નોંધણી અધિકારીઓ, મદદનીશ મતદાર નોંધણી અધિકારીઓ, બુથ લેવલ અધિકારીઓ તથા બી.એલ.ઓ. સુપરવાઇઝરો મતદારયાદીની સુધારણાની કામગીરીના હેતુસર લોક પ્રતિનિધિત્વ અધિનિયમ - ૧૯૫૦ ની કલમ – ૧૩CC હેઠળ ભારતના ચૂંટણી પંચ, નવી દિલ્હી ખાતે આ કામગીરી પૂરતા પ્રતિનિયુક્તિ પર

ગણાશે અને તેઓ શિસ્ત વિષયક બાબતે ભારતના ચૂંટણી પંચ, નવી દિલ્હીના નિયંત્રણ હેઠળ ગણાશે. જેથી ઉક્ત અધિકારી/કર્મચારીશ્રીઓ તેમની કામગીરી / ફરજમાં શિથિલતા દાખવશે અગર નિષ્કાળજી દાખવશે તો તેમની સામે નિયમાનુસારની શિસ્ત વિષયક કાર્યવાહી હાથ ધરવામાં આવશે.

(૨.૮) સંજોગોવશાત, વર્ષ દરમ્યાન જો ઉક્ત અધિકારી/કર્મચારીશ્રીઓને ઉક્ત ફરજમાંથી મુકત કરવામાં/બદલવામાં આવેલ હોય, તો તે કિસ્સામાં તેમણે બજાવેલ ફરજોના દિવસોના પ્રમાણસર (proportionate) માનદ વેતન/મહેનતાણાની ચૂકવણી કરવાની રહેશે.

૩) આ અંગેનો ખર્ચ માંગણી ક્રમાંક: ૩૧-ચૂંટણી, મુખ્ય સદર : ૨૦૧૫- ચૂંટણીઓ, ગૌણ સદર:૧૦૩-મતદારયાદીઓ તૈયાર કરવી અને છપાવવી, પેટા સદર: ૦૩- મતદારયાદીઓની સંક્ષિપ્ત સુધારણા સદર હેઠળ ઉધારવાનો રહેશે.

૪) આ હુકમો આ વિભાગની સરખા ક્રમાંકની ફાઇલ ઉપર સરકારશ્રીની તા.૧૫.૦૯.૨૦૨૫ની નોંધથી મળેલ મંજૂરીથી બહાર પાડવામાં આવે છે.

ગુજરાત રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

Signature Not Verified
Digitally Signed by : HAMITKUMAR P URANUS
(GOVERNMENT OF GUJARAT)
Date : 2025.10.03 16:10:37 IST
Reason : GR
Location : Gujarat

(હમિત ચુરેનસ)
ઉપ સચિવ
મુખ્ય નિર્વાચન અધિકારીની કચેરી
ગુજરાત રાજ્ય

પ્રતિ,

- સર્વે કલેક્ટર અને જિલ્લા ચૂંટણી અધિકારીશ્રીઓ/જિલ્લા વિકાસ અધિકારીશ્રીઓ
- સર્વે મતદાર નોંધણી અધિકારીઓ/સર્વે મદદનીશ મતદાર નોંધણી અધિકારીઓ.
- એકાઉન્ટન્ટ જનરલશ્રી, અમદાવાદ/રાજકોટ.
- સચિવાલયના તમામ વિભાગો.
- તમામ ખાતાના વડાશ્રીઓ.
- તમામ જિલ્લા તિજોરી અધિકારીશ્રીઓ.
- પગાર અને હિસાબી અધિકારીશ્રી, ગાંધીનગર.
- નાણા વિભાગ, ચ-શાખા, સચિવાલય, ગાંધીનગર.
- સામાન્ય વહીવટ વિભાગની તમામ શાખાઓ.
- સિલેકટ ફાઇલ-૨૦૨૫.